મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

G NEWS ગરવી તાકાત LIVE

૧૨-૦૬-૨૦૨૬
શુક્રવાર

વર્ષ : ૧૨ ★ અંક નં : ૫૫
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૨

તંત્રી : પ્રકાશ આર. ચૌધરી



ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો



કાર્યાલય : ૯, અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367







### પાણી ભરાવાની સમસ્યામાંથી મુક્તિની આશાઃ નીચાણવાળા વિસ્તારો પર તંત્રનું વિશેષ ફોકસ

# ચોમાસા પહેલા મહેસાણા પાલિકા એક્શન મોડમાંઃ ૧૨ મુખ્ય કેનાલ અને ૧૪૭૮ વરસાદી કુંડીઓની સફાઈ પૂર્ણ, ૧.૫ ટન કચરો બહાર કઢાયો

### રાધનપુર રોડ સહિતના વિસ્તારોમાં રાત્રિ સફાઈ ઝુંબેશ વેગવંતી; ચોકઅપ લાઈનો ક્લિયર કરાતા આ વર્ષે શહેરીજનોને હાલાકીમાંથી મળશે મોટી રાહત





મહેસાણા શહેરમાં આગામી ચોમાસા દરમિયાન વરસાદી પાણી ભરાવાની સમસ્યા ન સર્જાય અને નાગરિકોને મુશ્કેલીનો સામનો ન કરવો પડે તે માટે મહેસાણા મહાનગરપાલિકા દ્વારા પ્રિ-મોન્સૂન કામગીરીને વેગ આપવામાં આવ્યો છે. પાલિકાની સેનેટરી શાખા દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થાને સુચારુ બનાવવા માટે વિશેષ સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં શહેરની ૧૨ મુખ્ય વરસાદી કેનાલો તેમજ ૧૪૭૮ વરસાદી કુંડીઓની સફાઈ સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી છે. ચોમાસા દરમિયાન દર વર્ષે શહેરના કેટલાક નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ જવાના કારણે ટ્રાફિક અવરોધ, ગંદકી અને જનજીવન પર અસર જેવી સમસ્યાઓ ઉભી થતી હોય છે. આ સ્થિતિને ધ્યાનમાં રાખીને પાલિકા દ્વારા અગાઉથી જ આયોજનબદ્ધ રીતે કામગીરી શરૂ કરવામાં આવી છે. ખાસ કરીને રાધનપુર રોડ, મોઢેરા રોડ, માનવ આશ્રમ રોડ, ડેરી રોડ, પરા વિસ્તાર સહિતના સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. પાલિકાની સેનેટરી ટીમો દ્વારા દિવસ દરમિયાનની કામગીરી ઉપરાંત રાત્રિના સમયે પણ સફાઈ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. કર્મચારીઓ દ્વારા વરસાદી પાણીના નિકાલ માટે બનાવવામાં આવેલી કુંડીઓ, ચેમ્બરો અને લાઈનોમાં જમા થયેલી માટી, પ્લાસ્ટિક તથા અન્ય ઘન કચરાને દૂર કરવાની કામગીરી કરવામાં આવી રહી છે. પરિણામે વરસાદી પાણીના વહેણમાં આવતા અવરોધો દૂર થઈ રહ્યા છે અને નિકાલ વ્યવસ્થા વધુ કાર્યક્ષમ બની રહી છે. અભિયાન અંતર્ગત શહેરની કુલ ૨૪૫૦ વરસાદી કુંડીઓમાંથી અત્યાર સુધીમાં ૧૪૭૮ કુંડીઓની સફાઈ પૂર્ણ કરવામાં આવી છે. આ કામગીરી દરમિયાન અંદાજે દોઢ ટન જેટલો કચરો બહાર કાઢવામાં આવ્યો છે. વર્ષો જૂની ગંદકી અને પ્લાસ્ટિકના જથ્થાના કારણે કેટલીક જગ્યાએ લાઈનો સંપૂર્ણપણે બંધ થવાની સ્થિતિમાં પહોંચી ગઈ હતી, જેને હવે ફરી કાર્યરત બનાવવામાં આવી છે. આ કામગીરીથી વરસાદી પાણી ઝડપથી વહી શકે તેવી સ્થિતિ ઊભી થઈ છે. પાલિકા દ્વારા માત્ર કુંડીઓ જ નહીં પરંતુ શહેરના વિવિધ વિસ્તારોમાં આવેલી ૧૨ મુખ્ય વરસાદી કેનાલોની પણ સફાઈ કરવામાં આવી છે. જેસીબી મશીનો અને અન્ય આધુનિક સાધનોની મદદથી કેનાલોમાં જમા થયેલી માટી, ઝાડ-ઝાંખરા અને કચરો દૂર કરવામાં આવ્યો છે. કેનાલોની સફાઈથી ભારે વરસાદ દરમિયાન પાણીનો નિકાલ વધુ ઝડપી અને અસરકારક બની શકશે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

મહાનગર પાલિકાના અધિકારીઓએ જણાવ્યું હતું કે ચોમાસું સત્તાવાર રીતે શરૂ થાય તે પહેલાં બાકી રહેલી તમામ વરસાદી કુંડીઓ અને નિકાલ વ્યવસ્થાની સફાઈ પૂર્ણ કરી દેવામાં આવશે. શહેરના કોઈપણ વિસ્તારમાં પાણી ભરાવાની સ્થિતિ ન સર્જાય તે માટે સતત મોનિટરિંગ કરવામાં આવી રહ્યું છે. જરૂરી હોય ત્યાં વધારાની ટીમો પણ તૈનાત કરવામાં આવશે. શહેરના નાગરિકોએ પણ પાલિકાની આ પહેલને આવકારી છે. સ્થાનિક લોકોનું માનવું છે કે ચોમાસા પહેલાં કરવામાં આવતી આવી પૂર્વ તૈયારીઓથી વરસાદી સિઝનમાં સર્જાતી અનેક સમસ્યાઓ અટકાવી શકાય છે. સાથે જ નાગરિકોને પણ કચરો ખુલ્લામાં ન ફેંકવા અને વરસાદી કુંડીઓમાં પ્લાસ્ટિક કે અન્ય કચરો ન નાખવા અપીલ કરવામાં આવી છે જેથી પાલિકાની કામગીરીને વધુ અસરકારક બનાવી શકાય. ચોમાસા પૂર્વે હાથ ધરાયેલી આ વ્યાપક સફાઈ ઝુંબેશ મહેસાણા શહેર માટે રાહતરૂપ સાબિત થઈ શકે છે. જો આ જ ગતિએ કામગીરી ચાલુ રહેશે તો આગામી વરસાદી સિઝનમાં પાણી ભરાવાની સમસ્યામાં નોંધપાત્ર ઘટાડો થવાની શક્યતા વ્યકત કરવામાં આવી રહી છે.

# મહેસાણાની ફ્રૂટ માર્કેટમાં ભીષણ આગ, ૬ પેઢીના શેડ અને કેરી ભરેલી ૨ ટ્રક બળીને ખાખ થઈ

મહેસાણા શહેરની ગંજબજારના ફ્રૂટ માર્કેટમાં ગુરુવારે બપોરના સમયે અચાનક ભીષણ આગ ફાટી નીકળતાં વેપારીઓ અને મજૂરોમાં ભારે અફરાતફરી મચી ગઈ હતી. પ્રાથમિક માહિતી અનુસાર, માર્કેટમાં ઉભેલી કેરી ભરેલી એક ટ્રકમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. શરૂઆતમાં સામાન્ય લાગતી આગ થોડી જ મિનિટોમાં વિકરાળ બની ગઈ હતી અને તેની જ્વાળાઓએ આસપાસના વિસ્તારમાં ફેલાઈને અનેક પેઢીઓ અને વાહનોને પોતાની ઝપેટમાં લઈ લીધા હતા. ઘટનાસ્થળે મોટી સંખ્યામાં પ્લાસ્ટિકના ખાલી કેરેટનો જથ્થો સંગ્રહિત હોવાથી આગે ઝડપથી ભયાનક સ્વરૂપ ધારણ કર્યું હતું. આગની જ્વાળાઓ અને ધુમાડાના ગોટેગોટા દૂરથી પણ જોવા મળતા હતા. આગ લાગતાની સાથે જ માર્કેટ વિસ્તારમાં નાસભાગ મચી ગઈ હતી અને વેપારીઓએ પોતાનો માલસામાન બચાવવા માટે પ્રયાસો શરૂ કર્યા હતા. આગની ઘટનાની જાણ થતા મહેસાણા નગરપાલિકાની ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ચાર ફાયર ફાઈટર વાહનો સાથે સ્થળ પર પહોંચી હતી. આગ વધુ ફેલાય નહીં અને કોઈ જાનહાનિ ન સર્જાય તે માટે તંત્ર દ્વારા સાવચેતીના પગલાંરૂપે સમગ્ર વિસ્તારનો વીજ પુરવઠો બંધ કરી દેવામાં આવ્યો હતો. ફાયર બ્રિગેડના જવાનોએ સતત પાણીનો મારો ચલાવી આગને કાબૂમાં લેવા માટે યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી હતી. પ્રત્યક્ષદર્શી અને સ્થાનિક વેપારી પરમાર ગણેશભાઈએ જણાવ્યું હતું કે તેઓ પોતાની ઓફિસમાં બેઠા હતા ત્યારે અચાનક એક જોરદાર બ્લાસ્ટ જેવો અવાજ સંભળાયો હતો. બહાર આવીને તપાસ કરતાં ટ્રકમાંથી આગની જ્વાળાઓ ઉઠતી જોવા મળી હતી. પ્રાથમિક રીતે ટ્રકના વાયરિંગમાં શોર્ટ સર્કિટ થવાના કારણે આગ લાગી હોવાનું જણાઈ રહ્યું છે. સદનસીબે ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, પરંતુ પ્લાસ્ટિકના કેરેટનો મોટો જથ્થો હોવાના કારણે આગે ઝડપથી વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. આગની ઘટનામાં અંદાજે પાંચથી ૬ પેઢીઓના શેડને ભારે નુકસાન થયું છે. ઉપરાંત કેરીથી ભરેલી બે ટ્રક સંપૂર્ણપણે બળીને ખાખ થઈ ગઈ છે.

# નકલી બિયારણ-ખાતર મામલે મહેસાણામાં ૧૦૮ સ્થળે દરોડા



મહેસાણા જિલ્લામાં ચોમાસા પૂર્વે ખેડૂતોને નકલી અને હલકી ગુણવત્તાના કૃષિ ઉત્પાદનોનું વેચાણ અટકાવવા ખેતીવાડી વિભાગની આંતર જિલ્લા સ્ક્વોડ દ્વારા વ્યાપક ચેકિંગ અભિયાન હાથ ધરાયું હતું. ત્રણ દિવસ સુધી ચાલેલી કાર્યવાહીમાં ૧૯ ઉત્પાદકો અને ૮૯ કૃષિ વિક્રેતાઓ સહિત કુલ ૧૦૮ સ્થળોએ દરોડા પાડી ખાતર, બિયારણ અને કૃષિ દવાઓની ગુણવત્તાની તપાસ કરવામાં આવી હતી.

તપાસ દરમિયાન ગુણવત્તા અંગે શંકા ઉભી થતાં રૂ.૩૩ લાખથી વધુ કિંમતનો જથ્થો સીઝ કરી વેચાણ પર રોક લગાવવામાં આવી હતી. તેમાં રૂ.૨૪.૮૪ લાખનું ૯,૨૦૮ કિલોગ્રામ બિયારણ અને રૂ.૮.૨૦ લાખનું ૧૦ મેટ્રિક ટન ખાતર સામેલ છે. ઉપરાંત રજિસ્ટ્રેશન અને સ્ટોક પત્રકમાં ગેરરીતિઓ સામે આવતાં ૮ વિક્રેતાઓને કારણદર્શક નોટિસ ફટકારી ખુલાસો માંગવામાં આવ્યો છે. સ્થાનિક સ્તરે કોઈપણ પ્રકારની સાંઠગાંઠ ન થાય તે માટે આ કાર્યવાહી આંતર જિલ્લા સ્ક્વોડ દ્વારા અત્યંત ગુપ્ત રીતે હાથ ધરવામાં આવી હતી. સ્ક્વોડે ૬ બિયારણ ફેક્ટરી, ૧૦ ખાતર ફેક્ટરી અને ૩ દવા ઉત્પાદક એકમો સહિત કુલ ૧૯ ઉત્પાદન યુનિટ્સમાં તપાસ કરી હતી. સાથે જ ૨૯ બિયારણની દુકાનો, ૩૧ ખાતરના ડેપો અને ૨૯ એગ્રો-કેમિકલ્સના વેપારીઓ સહિત ૮૯ વિક્રેતાઓની ચકાસણી કરવામાં આવી હતી. સ્ક્વોડને શંકાસ્પદ લાગેલા જથ્થામાંથી બિયારણના ૩૩, ખાતરના ૧૭ અને દવાના ૧૪ મળી કુલ ૬૪ નમૂનાઓ લેવામાં આવ્યા છે.




## માતા-પિતાના ઋણ સંતાનો ક્યારેય ચૂકવી શકતા નથી

સંવેદનાઓના ક્ષય અને આત્મકેન્દ્રિત બનતી નવી પેઢીના સમયમાં માતા-પિતાની અવગણના અત્યંત ચિંતાજનક છે. આ એક વિસંગતિ જ છે કે જેમનું ઋણ સંતાનો ક્યારેય ચૂકવી શકતા નથી, એવા માતા-પિતાની સંભાળ લેવા માટે હવે અદાલતને આદેશ આપવો પડે છે. માતાના લોહીથી સિંચાયેલ અને પિતાના પરિશ્રમથી ઉછરેલા પુત્રને જો અદાલત કહે કે તમારી માતાને ઘરમાં રહેવા માટે એક ઓરડો, અલગ બાથરૂમ અને મૂળભૂત સુવિધાઓ આપવામાં આવે - તો તે શરમજનક બાબત છે. જે માતાએ નવ મહિના સુધી પોતાના ગર્ભના પવિત્ર અંધકારમાં નૂતન જીવન જ્યોત પ્રગટાવવા પુત્ર-પુત્રીને પાળ્યા હોય, તેને પોતાના જ ઘરમાં રહેવા દેવા માટે અદાલતને આદેશ આપવો પડે, તેનાથી મોટી કૃતઘ્નતાનું, નમક હરામનું બીજું ઉદાહરણ હોઈ શકે નહીં.

ભલે આ અદાલતનો આદેશ હોય, પરંતુ આ તો પહેલેથી જ સંતાનોની એક અલિખિત નૈતિક ફરજ છે. આ ઘટના આપણા સમાજનું અત્યંત દુઃખદ અને કષ્ટદાયક ચિત્ર રજૂ કરે છે. સામાન્ય રીતે માતા-પિતા પોતાના પેટે પાટા બાંધીને, પોતાની સુખ-સુવિધાઓનો ત્યાગ કરીને, સંતાનોને શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ આપવાનો પ્રયાસ કરે છે. માતા-પિતા જ એવા હોય છે જે નિઃસ્વાર્થભાવથી પોતાના સંતાનોની પ્રગતિ ઈચ્છે છે. ખરેખર તો એવા ભણેલા-ગણેલા સંતાનો કરતાં અભણ સંતાનો સારા, જે ઓછામાં ઓછું પોતાના વૃદ્ધ માતા-પિતા સાથે રહીને તેમની સંભાળ તો રાખે છે. આ પ્રશ્ન ચિંતાજનક છે કે જે સમાજમાં માતૃ દેવો ભવની સર્વસ્વીકાર્ય માન્યતા રહી હોય, ત્યાં આવા કલિયુગી સંતાનો કેવી રીતે જન્મી રહ્યા છે? માતા-પિતાની અવગણનાની આ એકમાત્ર ઘટના નથી. દરરોજ અખબારોમાં એવી અનેક ઘટનાઓ પ્રકાશમાં આવે છે જેમાં સંપત્તિ અને ધન માટે માતા-પિતા સાથે ક્રૂર વર્તન કરવામાં આવે છે.

જો તેમની અવહેલના અને શોષણનો આ ક્રમ આમ જ ચાલુ રહેશે, તો શક્ય છે કે ભારતમાં પણ પશ્ચિમી દેશોની જેમ એવી પ્રથા શરૂ થઈ જાય, જ્યાં માતા-પિતા સંતાનોને સમજદાર બન્યા પછી સ્વતંત્ર જીવન જીવવા માટે અલગ કરી દેતા હોય છે. વાસ્તવમાં પશ્ચિમી દેશોમાં ઘણા માતા-પિતા માની લે છે કે મોટા થયા પછી સંતાનો તેમની સંભાળ નહીં રાખે, તેથી તેઓ પહેલેથી જ અંતર રાખવાનું પસંદ કરે છે. આધુનિકતા અને પ્રગતિની કેટલીય ગાથાઓ લખવામાં આવે, છતાં ભારતીય સમાજ ક્યારેય સંપૂર્ણપણે પશ્ચિમી સમાજના માર્ગે ચાલી શકતો નથી. ભારત શ્રવણકુમારની ભૂમિ છે અને આજે પણ મોટાભાગના સંતાનો પોતાના માતા-પિતાનું ઋણ ઉતારવાનો પ્રયત્ન કરે છે અને તેમની સેવા-સંભાળ રાખે છે.

જો કે, મહાનગરોની સંસ્કૃતિએ કેટલીક વિકૃતિઓને પણ જન્મ આપ્યો છે. સંતાનોની પોતાની મુશ્કેલીઓ પણ હોય છે. છતાં ભારતીય સંસ્કૃતિમાં એવી શક્તિ છે જે પારિવારિક મૂલ્યોને જીવંત રાખે છે. માતા-પિતાની સેવા, સન્માન અને વૃદ્ધાવસ્થામાં તેમની સંભાળ રાખવી માત્ર સાંસ્કૃતિક દેખાડો નથી, પરંતુ સંતાનોની નૈતિક અને કાનૂની જવાબદારી પણ છે. તાજેતરમાં અદાલતે જે કેસમાં પુત્રને પોતાની વૃદ્ધ માતાને એક ઓરડો અને અન્ય સુવિધાઓ આપવાનો આદેશ કર્યો હતો, તે ઘર વૃદ્ધાના સ્વર્ગસ્થ પતિએ જ બનાવેલું હતું. છતાં પોતાના હક્ક માટે તેમને ન્યાયિક હસ્તક્ષેપનો સહારો લેવો પડયો. આ અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે કે કોઈ વૃદ્ધ માતાને આશ્રય અને આત્મસન્માન માટે પોતાના જ સંતાનો સામે અદાલતના દ્વાર ખખડાવવા પડે.

નિઃસંદેહ, આ ભારતીય સંયુક્ત પરિવાર પ્રથાના પતનનું પ્રતીક છે, જેની એક સમયે પશ્ચિમી ભોગવાદી સંસ્કૃતિના સમર્થકો પણ પ્રશંસા કરતા હતા. અહીં અદાલતના સંવેદનશીલ અને ન્યાયસંગત નિર્ણયની મુક્તકંઠે પ્રશંસા કરવી જોઈએ, કારણ કે અદાલતે પુત્રની અરજી ફગાવીને તેના પર દંડ પણ ફટકાર્યો હતો. આ વધુ દુઃખદ છે કે દેશભરની અદાલતો પરિત્યક્ત અને પીડિત માતા-પિતાથી સંબંધિત વિવાદોનો સતત સામનો કરી રહી છે. વિવિધ ટ્રિબ્યુનલ અને ઉચ્ચ ન્યાયાલયોએ દુર્વ્યવહાર કરનારા સંતાનોને ઘરેથી કાઢી મૂકવાના આદેશો પણ આપ્યા છે. અદાલતોએ માતા-પિતાની સ્વઅર્જિત સંપત્તિ પર તેમના અધિકારોને જાળવી રાખીને 'વરિષ્ઠ નાગરિકોના ભરણપોષણ અને કલ્યાણ અધિનિયમ, ૨૦૦૭' ને વધુ મજબૂત બનાવ્યો છે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

**શ્રી રાજ કો.ઓપ.ક્રેડીટ સોસાયટી લી.**
**એસ/૫, પાલિકા બજાર, મહેસાણા.**

**વાર્ષિક સાધારણ સભાની નોટીસ**

આથી ક્રેડીટ સોસાયટીના તમામ સભાસદોને જણાવવાનું કે, આગામી વાર્ષિક સાધારણ સભા તા.૨૧-૦૬-૨૦૨૬ રવિવાર સવારે ૧૦-૦૦ કલાકે જનતા સુપર માર્કેટ, મહેસાણા ખાતે રાખેલ છે. તો દરેક સભાસદોએ હાજરી આપવા વિનંતી છે.

મેનેજીંગ ડીરેક્ટરશ્રી
ભમ્મરસિંહ સી. પરમાર

ચેરમેનશ્રી
કીર્તીસિંહ એલ. રાઠોડ

### મોદીના નેતૃત્વવાળી NDA સરકારના ૧૨ વર્ષ પૂર્ણ

# ૨૦૧૪ પછી દેશનો વિકાસ રોકેટ ગતિએ વધ્યો :મોદી

નવી દિલ્હી, તા.૧૧

કેન્દ્રમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી NDA સરકારના સફળ ૧૨ વર્ષ પૂરા થવાના અવસરે નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે એક મોટી બેઠક યોજાઈ હતી. આ ખાસ બેઠકમાં પીએમ મોદીના ઐતિહાસિક કાર્યકાળને બિરદાવવા માટે તમામ સહયોગી પક્ષો દ્વારા એક ખાસ અભિનંદન પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો, જેનાથી વડાપ્રધાન પોતે પણ ખૂબ જ ભાવુક થઈ ગયા હતા. પોતાના સંબોધનમાં પીએમ મોદીએ વિપક્ષ પર આકરા પ્રહારો કરતા કહ્યું કે કોંગ્રેસે લાંબા સમય સુધી દેશ સાથે દગો કર્યો, પરંતુ ૨૦૧૪ પછી ભારતે વિકાસની નવી ઉંચાઈઓ સર કરી છે. આ ઐતિહાસિક પ્રસંગે પીએમ મોદીએ દેશના વિકાસ, અર્થતંત્ર અને સુરક્ષાને લઈને ૧૦ સૌથી મહત્વની વાતો કહી હતી.



પીએમ મોદીના સંબોધન અને આ બેઠકની ૧૦ મુખ્ય વાતો નીચે મુજબ છેઃ

૧. મધ્યમ વર્ગની ચિંતા અને ડિજિટલ ક્રાંતિઃ પીએમ મોદીએ કહ્યું કે અમારી સરકારે દેશના મધ્યમ વર્ગની તકલીફોને ખૂબ નજીકથી સમજી છે અને તેને દૂર કરવા કામ કર્યું છે. આજે ભારત ડિજિટલ પેમેન્ટની બાબતમાં આખી દુનિયામાં નંબર ૧ પર પહોંચી ગયું છે, કારણ કે અમે હંમેશા નેશન ફર્સ્ટ (રાષ્ટ્ર પ્રથમ)ની ભાવના સાથે કામ કરીએ છીએ.

૨. સૌથી ઝડપી ઈકોનોમીઃ આજે ભારત દુનિયાની સૌથી ઝડપથી આગળ વધતી અર્થવ્યવસ્થા બની ગયું છે. અમારા માટે દેશ હંમેશા પક્ષ કરતાં મોટો રહ્યો છે અને ૨૦૧૪ પછી દેશના વિકાસે સુપરફાસ્ટ સ્પીડ પકડી છે.

૩. કલમ ૩૭૦ નાબૂદીઃ કોંગ્રેસના શાસનકાળ અને NDA સરકારના વિકાસ દરમાં આસમાન-જમીનનો તફાવત છે. ૨૦૧૪ પછી દેશનું ભાગ્ય બદલાયું છે, અને તેનું સૌથી મોટું ઉદાહરણ એ છે કે અમે જમ્મુ-કાશ્મીરમાંથી કલમ ૩૭૦ હટાવીને બતાવી.

૪. કોંગ્રેસના શાસન પર પ્રહારઃ કોંગ્રેસે ભૂતકાળમાં પોતાની રાજકીય નિષ્ફળતાઓ છુપાવવા માટે દેશની મોટી વસ્તી પર ખોટા કલંક લગાવવાનો પ્રયાસ કર્યો હતો. પણ કલમ ૩૭૦ નાબૂદ થતાં જ ત્યાં સાચા અર્થમાં દેશનું બંધારણ લાગુ થયું છે. કોંગ્રેસે હંમેશા દેશ સાથે વિશ્વાસઘાત જ કર્યો છે.

૫. વર્ષ ૨૦૪૭ નું મોટું લક્ષ્યઃ વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતનો લક્ષ્યાંક પૂરો કરવા માટે આપણે વૈશ્વિક વિકાસમાં ભારતનો હિસ્સો સતત વધારવો પડશે. મેં પહેલા પણ કહ્યું હતું અને આજે પણ કહું છું કે ભારતનો સાચો સમય હવે આવી ગયો છે.

૬. ભવિષ્યની નવી શક્યતાઓઃ ૨૦૪૭ ના વિઝનને પૂરું કરવા માટે આપણે વિકાસની સ્પીડ હજુ પણ વધારવી પડશે. આપણું ભવિષ્ય નવી અને મોટી શક્યતાઓથી ભરેલું છે અને અમે હંમેશા દેશહિતમાં સમજી-વિચારીને મજબૂત નિર્ણયો લીધા છે.

૭. આતંકવાદ અને નક્સલવાદ પર ફૂલ સ્ટોપઃ એક સમય હતો જ્યારે ભારતે આતંકવાદી હુમલાઓનું ભારે દુઃખ સહન કરવું પડતું હતું, પરંતુ આજે આપણે આતંકીઓ સામે ઘરમાં ઘૂસીને એરસ્ટ્રાઈક કરી બતાવી છે. આ સાથે જ દેશમાંથી નક્સલવાદને પણ સરકારે મૂળમાંથી નાબૂદ કરી દીધો છે.

૮. આત્મનિર્ભર ભારતઃ દેશના હિતમાં મોટા અને કડક નિર્ણયો લેવાની આ પ્રક્રિયા ભવિષ્યમાં વધુ ઝડપી બનશે. આપણે દુનિયાથી એક ડગલું આગળ રહેવું પડશે અને હવે ભારત કોઈપણ બાબત માટે વિદેશી દેશો પર નિર્ભર નહીં રહે.

૯. સાથી પક્ષોનો મજબૂત ટેકોઃ આ બેઠકમાં આંધ્રપ્રદેશના મુખ્યમંત્રી ચંદ્રાબાબુ નાયડુએ પીએમ મોદીના સન્માનનો પ્રસ્તાવ મૂક્યો હતો. જેને નાગાલેન્ડના સીએમ નેફ્યુ રિયો, જીતન રામ માંઝી, એચડી કુમારસ્વામી, એકનાથ શિંદે, ચિરાગ પાસવાન, જયંત ચૌધરી અને વિષ્ણુદેવ સાઈ સહિત ગૃહમંત્રી અમિત શાહ અને રક્ષામંત્રી રાજનાથ સિંહે પૂરો ટેકો આપ્યો હતો. જ્યારે આ પ્રસ્તાવનું વાંચન અનુપ્રિયા પટેલે કર્યું હતું.

૧૦. પીએમ મોદી એક તપસ્વીઃ મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ પીએમ મોદીના ૧૨ વર્ષના શાસનને બિલકુલ દોષરહિત ગણાવતા કહ્યું કે, પીએમ મોદી એક સાચા તપસ્વી અને સ્વપ્નદ્રષ્ટા નેતા છે. તેમણે સબકા સાથ, સબકા વિશ્વાસના મંત્ર સાથે ગઠબંધનના તમામ નેતાઓને સાથે રાખીને દેશને નવી ઊંચાઈઓ પર પહોંચાડ્યો છે.

**અમારી સરકારે દેશના મધ્યમ વર્ગની તકલીફોને ખૂબ નજીકથી સમજી છે અને તેને દૂર કરવા કામ કર્યું : મોદી**

## ગ્રહોનો રાઝ આપની આજ




**મેષ:** આજે સંપત્તિના વિસ્તાર થશે અને જીવનધોરણમાં સુધારો થશે. વૃદ્ધ વ્યક્તિ પાસેથી પૈસા મળી શકે છે. નોકરી અને ધંધામાં સહયોગીઓની ભાગીદારી અને સહયોગ પૂરતા પ્રમાણમાં મળશે.

**વૃષભ:** આજે દિવસના પહેલા ભાગમાં તમારી મહેનત મુજબ ફળ નહીં મળવાના કારણે તમને માનસિક પીડા થઈ શકે છે. તાજા વિચારો મનમાં આવતા હોવાથી કોઈ નક્કર નિર્ણય લેવો મુશ્કેલ બનશે.

**મિથુન:** દિવસ વ્યસ્ત રહેવાના કારણે ઈચ્છા અધૂરી રહી શકે છે. બપોર પછી જોખમી કાર્યો ટાળવાનો પ્રયાસ કરો, નહીં તો તમે મુશ્કેલીમાં મુકાઈ શકો છો. સાંસારિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત હોવાને કારણે તમારે પોતાને અવગણવું પડી શકે છે

**કર્ક:** આજે તમે કાર્યોની વિપુલતાને કારણે મૂંઝવણમાં આવી શકો છો. મહેનતનું યોગ્ય પરિણામ તમને મળશે નહીં બપોર સુધી કામમાં વિક્ષેપોના કારણે નિરાશ થશો,પરિવાર પ્રત્યે વધુ ભાવનાશીલ બનશો.

**સિંહ:** દિવસના પહેલા ભાગમાં સ્થિતિઓ પ્રતિકૂળ રહેશે. નિર્ધારિત કાર્યમાં વિલંબના કારણે દોડવું પડી શકે છે. પૈસા સંબંધિત કામને લઈને કોઈની સાથે વિવાદ થઈ શકે છે. આજે તમે ઊંડા વિચારમાં ડૂબી જશો.

**કન્યા:** આજે રોજગાર ક્ષેત્રે થઈ રહેલા પ્રયત્નોને કારણે આર્થિક સમસ્યાઓ હલ થશે. જાહેર ક્ષેત્ર તરફથી કોઈ સારા સમાચાર મળવાની સંભાવના છે. બેરોજગાર વ્યક્તિઓને રોજગાર મળે તેવી સંભાવના રહેશે.

**તુલા:** આજે મોટાભાગના સમયમાં તમારી ચંચળતા વધારે રહેશે. મહત્વપૂર્ણ કાર્યોમાં બેદરકારી બતાવશો અથવા શક્તિનો અભાવ પણ કાર્ય ખોટમાં પરિણમી શકે છે.

**વૃશ્ચિક:** ક્ષેત્રમાં અતિરિક્ત જવાબદારી અને ધાર્મિક કાર્યમાં વ્યસ્તતા વધશે. સંપત્તિમાં વધારો અને સંપત્તિથી આવક વધશે. બપોરે ધાર્મિક કાર્યમાં વધુ રસ રહેશે. ધાર્મિક કાર્યક્રમોમાં હાજરી આપશે. ઘરના વડીલોને નવા અનુભવ મળશે.

**ધન:** આજે દિવસનો પહેલો ભાગ તમારી આશાઓની વિરુદ્ધ રહેશે. આવક કરતા વધારે ખર્ચ કરીને પૈસાના અભાવનો અનુભવ થશે. કોઈ મહત્વપૂર્ણ કાર્ય માટે કોઈની પાસેથી લોન લેવાની સંભાવના પણ હોઈ શકે છે.

**મકર:** આળસને કારણે સરકારી કાર્યો અધૂરા રહી શકે છે. નવી યોજનાઓ લેતા પહેલા નુકસાન-નફાની સમીક્ષા કરો. બૌદ્ધિક કાર્ય અને લેખન વગેરેથી પણ આવક થશે પરંતુ ગુસ્સો ટાળો.

**કુંભ:** આજના દિવસે મેદાનમાં વ્યસ્તતા વધુ રહેશે. સમયસર કરાર પૂરો ન કરવા બદલ ટીકા થઈ શકે છે. ઘરમાં માંગલિક કાર્યોનું આયોજન કરવાથી મનમાં આનંદ અને વ્યસ્તતા રહેશે.

**મીન:** આજે તમે બેપરવાઈ રહેવાના કારણે નુકસાન સહન કરી શકો છો. સવારથી જ મુસાફરીની પર્યટનનું આયોજન કરવામાં આવશે, કાર્યક્ષેત્રમાં વધુ ધ્યાન આપ્યા પછી પણ તમારે નાના ફાયદાથી સંતુષ્ટ થવું પડી શકે છે.

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, ઊંઝાની કોર્ટમાં**
**તાલુકા સેવા સદન, ઊંઝા**
**વિસનગર ફાટક સામે, હાઈવે રોડ, ઊંઝા જી. મહેસાણા**

જન્મ/મરણ, અરજી. નં./ ૪૦ /૨૦૨૬ તા. ૧૦ /૦૬/૨૦૨૬

**જાહેર નોટીસ**

અરજદાર :- રબારી મફતલાલ માધાભાઈ રહે, મક્તુપુર તા.ઊંઝા જી.મહેસાણા
વિરૂધ્ધ
સામાવાળા :- (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/ તલાટી કમ મંત્રીશ્રી મક્તુપુર ગ્રામ પંચાયત મક્તુપુર મુ.મક્તુપુર તા.ઊંઝા જી.મહેસાણા.
(૨) શ્રી સરસ્વતી મુક્તિધામ ટ્રસ્ટ સિધ્ધપુર તા.સિધ્ધપુર જી.પાટણ જી.મહેસાણા
વિષયઃ- જન્મ-મરણધારો સને-૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણ ની નોંધ કરવા અરજ.
મોજે – મક્તુપુર ના મરણ તા.૨૦/૦૭/૧૯૭૫
મરણ નોંધણી :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ના પિતાશ્રી નામે "રબારી માધાભાઈ મસાભાઈ મરણ તારીખ ૨૦/૦૭/૧૯૭૫ ના રોજ ગામ – મક્તુપુર, તા.ઊંઝા જી. મહેસાણા મુકામે થયેલ હતી જેના મરણની નોંધની જે અરજદારશ્રી તથા કુટુંબીજનોની કાયદાની અજ્ઞાનતાના કારણે તલાટી કમ મંત્રીશ્રી મક્તુપુર ના મરણના રજીસ્ટરે કરાવેલ નથી જે મરણની નોંધ કરાવવાનું શરતચુકથી મરણ નોંધ કરાવેલ નથી " તેવી રજુઆત સાથે અરજદારશ્રીની પિતાશ્રી મરણની નોંધણી કરાવવા અરજી કરેલ છે.આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તાઃ ૧૦ / ૬ /૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ઊંઝા

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, ઊંઝાની કોર્ટમાં**
**તાલુકા સેવા સદન, ઊંઝા**
**વિસનગર ફાટક સામે, હાઈવે રોડ, ઊંઝા જી. મહેસાણા**

જન્મ/મરણ, અરજી. નં./ ૪૬ /૨૦૨૬ । તા. ૧૦ /૦૬/૨૦૨૬

**જાહેર નોટીસ**

અરજદાર :- રબારી મફતલાલ માધાભાઈ રહે, મક્તુપુર તા.ઊંઝા જી.મહેસાણા
વિરૂધ્ધ
સામાવાળા :- (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/ તલાટી કમ મંત્રીશ્રી મક્તુપુર ગ્રામ પંચાયત મક્તુપુર મુ.મક્તુપુર તા.ઊંઝા જી.મહેસાણા.
(૨) શ્રી સરસ્વતી મુક્તિધામ ટ્રસ્ટ સિધ્ધપુર તા.સિધ્ધપુર જી.પાટણ જી.મહેસાણા
વિષયઃ- જન્મ-મરણધારો સને-૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણ ની નોંધ કરવા અરજ.
મોજે – મક્તુપુર ના મરણ તા.૧૫/૦૯/૧૯૭૫
મરણ નોંધણી :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ના માતૃશ્રી નામે "રબારી લીલાબેન માધાભાઈ મરણ તારીખ ૧૫/૦૯/૧૯૭૫ ના રોજ ગામ – મક્તુપુર, તા.ઊંઝા જી. મહેસાણા મુકામે થયેલ હતી જેના મરણની નોંધની જે અરજદારશ્રી તથા કુટુંબીજનોની કાયદાની અજ્ઞાનતાના કારણે તલાટી કમ મંત્રીશ્રી મક્તુપુર ના મરણના રજીસ્ટરે કરાવેલ નથી જે મરણની નોંધ કરાવવાનું શરતચુકથી મરણ નોંધ કરાવેલ નથી " તેવી રજુઆત સાથે અરજદારશ્રીની માતૃશ્રી મરણની નોંધણી કરાવવા અરજી કરેલ છે.આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તાઃ ૧૦ / ૬ /૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ઊંઝા

**મામલતદાર અને એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, ઊંઝાની કોર્ટમાં**
**તાલુકા સેવા સદન, ઊંઝા**
**વિસનગર ફાટક સામે, હાઈવે રોડ, ઊંઝા જી. મહેસાણા**

જન્મ/મરણ, અરજી. નં./ ૪૫ /૨૦૨૬ । તા. ૧૦ /૦૬/૨૦૨૬

**જાહેર નોટીસ**

અરજદાર :- પટેલ કૈલાશબેન ત્રિભુવનદાસ રહે, મક્તુપુર તા.ઊંઝા જી.મહેસાણા
વિરૂધ્ધ
સામાવાળા :- (૧) જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી/ તલાટી કમ મંત્રીશ્રી ભુણાવ ગ્રામ પંચાયત ભુણાવ મુ.વિશોળ તા.ઊંઝા જી.મહેસાણા.
(૨) આચાર્યશ્રી સાર્વજનિક સુરત મુ.પો.સુરત તા.જી.સુરત

વિષયઃ- જન્મ-મરણધારો સને-૧૯૬૯ ની કલમ-૧૩(૩) મુજબ મરણ ની નોંધ કરવા અરજ.
મોજે – ભુણાવ ના મરણ તા.૦૧/૦૬/૧૯૬૨
જન્મ નોંધણી :-

જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ-૧૩(૩) હેઠળની અરજી અન્વયે જાહેર નોટીસ આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અરજદારશ્રી ના પોતાના નામે પટેલ કૈલાશબેન ત્રિભુવનદાસ જન્મ તારીખ ૦૧/૦૬/૧૯૬૨ ના રોજ ગામ – ભુણાવ, તા.ઊંઝા જી. મહેસાણા મુકામે થયેલ હતી જેના જન્મની નોંધની જે અરજદારશ્રી તથા કુટુંબીજનોની કાયદાની અજ્ઞાનતાના કારણે તલાટી કમ મંત્રીશ્રી ભુણાવ ના જન્મના રજીસ્ટરે કરાવેલ નથી જે જન્મની નોંધ કરાવવાનું શરતચુકથી જન્મ નોંધ કરાવેલ નથી " તેવી રજુઆત સાથે અરજદારશ્રીની જન્મની નોંધણી કરાવવા અરજી કરેલ છે.આ અરજીના અનુસંધાનમાં કોઈ ઈસમને વાંધા યા તકરાર હોય તો આ જાહેર નોટીસ પ્રસિધ્ધ થયા તારીખથી ૩૦ દિવસ સુધીમાં અત્રેની કોર્ટમાં જરૂરી આધાર-પુરાવા સાથે વાંધો રજુ કરવો અન્યથા આગળની ન્યાયિક કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની લાગતા વળગતા તમામ ઈસમોએ નોંધ લેવી.

આજ તાઃ ૧૦ / ૬/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરી આપ્યો.

કોર્ટનો સિક્કો

એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
ઊંઝા

